VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY
*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*
**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# નારીવાદની સક્ષમ રજૂઆત કરતું અને ફેમિનિઝમનું બાઈબલ : 'એ રૂમ ઑફ વન્સ ઑન'

## વાઘેશ્વરી દિવ્યા આર

પીએચ.ડી. સંશોધક, ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્ય ભવન
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

## *લેખિકા પરિચય*

*વર્જિનિયા વૂલ્ફનો સમયગાળો (૧૮૮૨ થી ૧૯૪૧)નો છે. અંગ્રેજી સાહિત્યના જાણીતા લેખિકા જેમને 'સ્ટ્રીમ ઑફ કોન્શિયસનેસ' ટેકનીકના પ્રણેતા કહેવામાં આવે છે.રૂમ સિવાય તેમના બીજાં જાણીતાં પુસ્તકોમાં 'મીસીસ ડેલોવી'(૧૯૨૫) અને 'ટુ ધ લાઈટ હાઉસ'(૧૯૨૭) મળે છે. પતિ લીઓનાર્ડ વૂલ્ફ સાથે હોગાર્થ પ્રેસ નામે નામાંકિત પ્રકાશન સંસ્થાનો પાયો નાખેલો,તેના દ્વારા જ તેમના'એ રૂમ ઑફ વન્સ ઑન'પુસ્તકનું પ્રકાશન થયું છે.લંડન/ઇંગ્લેન્ડના ચિંતનશીલ લોકોમાં સંમાનનીય બ્લુમ્સબેરી ગ્રુપના સભ્ય અને નારીવાદનું અગત્યનું સુંદર સર્જન આપી જનાર એવા વૂલ્ફે ૧૯૪૧માં આત્મહત્યા કરી જીવનનો અંત આણ્યો હતો.*

***ચાવીરૂપ શબ્દો : નારીવાદ,*** *નિજી એકાંત,લેખિકાઓની સમસ્યાઓ,સાહિત્યમાં સ્ત્રી અવગણના અને ફેમિનીઝમ.*

## સાહિત્ય સમીક્ષા

આ પુસ્તકમાં વર્જિનિયા વૂલ્ફ નારીઓને કેન્દ્રમાં રાખીને પોતાની લાગણીઓ વ્યક્ત કરી છે.સ્ત્રીઓને ઘર,પરિવાર,જવાબદારીઓ,સ્ત્રી હોવાની મર્યાદાઓ નડતી હોવાથી તેની પાસે ક્ષમતા હોવા છતાં તે સર્જકતામાં આગળ વધતા રોકાઈ જાય છે. તેમના પર હંમેશા પરિવાર-સમાજ દ્વારા અંકુશ કે દાબ રાખી સ્વતંત્ર જીવવામાં રોક લગાવવામાં આવે છે.સ્ત્રીઓમાં વિલક્ષણ બુદ્ધિ ક્ષમતા હોવા છતાં પણ તેમને ધાર્યા ક્ષેત્રમાં જવા દેવામાં આવતી નથી.જ્યારે પુરુષને આ બધી માથાકૂટોમાંથી મુક્તિ મળે છે.ગાયનોસેન્ટ્રીક (ગર્ભાધિન) વિવેચન સિદ્ધાંત તથા બાયોફેમિનિઝમ, ઉભયલિંગી સંજ્ઞા વગેરે જેવા અગત્યના મુદ્દાઓની દ્રષ્ટિએ પણ આ પુસ્તકને તપાસી શકાય છે.વળી વર્જિનિયા વૂલ્ફ પોતે લેખિકા હોઈ તેમને થયેલાં અનુભવોને એક સાહિત્યક લખાણમાં ઢાળીને આપે ત્યારે 'એ રૂમ ઑફ વન્સ ઑન' જેવું સુંદર ફેમિનિઝમને રજૂ કરતું આ પુસ્તક મળે છે. પુસ્તકની ઘણી બાબતો એવી છે.જેનો સીધો સંબંધ લેખિકાના વ્યક્તિગત જીવન સાથે છે,છતાં વૂલ્ફ પોતાની સર્જનાત્મકવૃતિની કલમમાંથી કલ્પનાના મિશ્રણ સાથે નોખા અંદાજે ફિક્શન શૈલીમાં પોતાની વાત રજૂ કરી છે.

**પદ્ધતિશાસ્ત્ર :** નિરીક્ષણ

પુસ્તક પરિચય
સર્જક : વર્જિનિયા વૂલ્ફ
મૂળ પુસ્તકનું નામ : 'એ રૂમ ઑફ વન્સ ઑન'

http://vidyajournal.org

મૂળ ભાષા : અંગ્રેજી

ગુજરાતી અનુવાદક : રંજના હરીશ

કૃતિનું અનુવાદિત નામ : 'પોત્તાનો ઓરડો

## અનુવાદક પરિચય

સ્ત્રી લેખનના માર્ગે અનાયાસે દોરાઈ જનારા રંજના હરીશ. જેઓ ગુજરાત યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના પૂર્વ અધ્યક્ષ રહી ચૂક્યા છે.તેઓ અંગ્રેજી અને ગુજરાતી પુસ્તકો દ્વારા નારીકેન્દ્ર લેખન,અધ્યયન,અધ્યાપન તથા વિવેચનમાં સતત કાર્યરત રહેલા છે.નવલકથાના અનુવાદ કરનારા રંજના હરીશે જણાવ્યું છે કે, ‘નારીવાદ અને વૂલ્ફ પ્રત્યેનો વ્યક્તિગત રસ અને જે વિષય પોતાના મનોજગતમાં આટલો સ્પર્શયો હોય અને તેની તો સ્વભાષામાં રજૂઆત કરવી જ જોઈએ’ એવા આગ્રહને અનુસરતાં આપણને 'પોત્તાનો ઓરડો' નામે ‘એ રૂમ ઑફ વન્સ ઑન’નો અનુવાદ આપે છે.

‘એ રૂમ ઑફ વન્સ ઑન’

‘પોત્તાનો ઓરડો’ એટલે નિજી ઓરડો, નિજી એકાંત એવા તળપદા ગુજરાતી પદો મુજબ પોત્તાનો ઓરડો - જ્યાં સંપૂર્ણ સ્વતંત્રતા ખુદની હોય.

'એન્જલ ઇન ધ હાઉસ' (ગૃહલક્ષ્મી) એક છોકરી જે એક પુસ્તકનું રીવ્યુ લખે, બદલામાં તેને પુરસ્કાર મળે. તેથી તેને આ વાંચન-લેખનમાં પૈસા-ઇનામ મળતા રસ જાગે છે.પણ આ એન્જલ તેને સ્ત્રી હોવાથી સતત અમુક નિશ્ચિત રીતે જ લખવા અને તેના લેખન કાર્યમાં સતત નડે છે.તેથી તેની હત્યા કરવી જ પડે છે. છ વિભાગમાં વહેંચાયેલું આ પુસ્તક જેમાં સ્ત્રીઓ માટે ૪ અગત્યની શરતોની વાત કરાઈ છે.

૧. પોતાનો અલાયદો ઓરડો

૨. પોતાની આગવી મૂડી

૩. ‘એન્જલ ઇન ધ હાઉસ’ની હત્યા

૪. સ્ત્રીશરીરના અનુભવને વાચા આપવાની તૈયારી

લેખિકાએ વ્યાખ્યાનોમાં 'ફિક્સન શૈલી' જેમાં એક પરિસ્થિતિ કલ્પી કે વક્તા મેરી બેટનને 'વિમન ઍન્ડ ફિક્શન' વિષય પર કોઈ સ્ત્રી સંસ્થામાં વ્યાખ્યાન આપવા માટે જવાનું છે. ટૂંકમાં વૂલ્ફ મેરીના પર્સોનામાં (અંચળામાં)પોતાની વાત મૂકી છે.આ મેરી હકીકતમાં તેમની ન્યૂનહામ કૉલેજની વાઇસ પ્રિન્સિપાલ કેથેરાઇન સ્ટીફન. જેમણે પોતાની કૉલેજમાં સ્ત્રી લેખન પર વૂલ્ફને વ્યાખ્યાન આપવા બોલાવ્યા હતા. અને પોતાને આજીવન દર વર્ષે પાંચસો પાઉન્ડનો વારસો આપી જનારાં ફોઈ સાચે જ મુંબઈ ખાતે ઘોડા પરથી પડી જતાં મૃત્યુ પામતા તેમનો વારસો વૂલ્ફને મળેલો હતો.

મેરીને વ્યાખ્યાન આપવા જવાનું હોઇ તે વક્તવ્ય માટે જે તૈયારી કરતી હતી,તેના ભાગરૂપે બે દિવસના અનુભવમાંથી તેને સ્ત્રી હોવાને લીધે નડતી મર્યાદાઓના અનુભવને જ મુદ્દા બનાવી વાત કરે છે.પ્રથમ પ્રકરણ ઓક્સબ્રિજ યુનિવર્સિટી ખાતે ગાળેલા એક દિવસનું વર્ણન છે.મેરી વિચારમગ્ન થઈ યુનિવર્સિટીની લોન પર આંટા મારતી હોય ત્યારે તેણીને રોકીને દરવાને કહ્યું, કે લોન પુરુષ સભ્યો માટે જ છે,વળી લાઇબ્રેરીના પ્રવેશ માટે ય અવરોધીને ભલામણ ચિઠ્ઠી લઈ આવે તો જ પ્રવેશ મળશે એવું કહેતાં મેરી વિચારે ચડી કે સ્ત્રીને સત્તા અને ધનના અભાવે અવગણવામાં આવે છે. પુરુષ પાસે બધું જ છે. ત્યાંથી મિત્રને ત્યાં લંચ પાર્ટીમાં જાય.જ્યાં ટેનિસન અને રોઝેટી જેવા કવિઓને યાદ કરે.સાંજે ડિનર માટે મેરી સેટન જે તેની અમીર બહેનપણી છે. તેને ઘરે જાય ને બંને બહેનપણીઓ વાતો કરે કે ૧૮૬૦માં સ્ત્રી કેળવણી સંસ્થાનું પ્રારંભ કરવા રકમ ઊઘરાવાતી જેમાં સ્ત્રીઓનો અસંતોષજનક ફાળો રહ્યો હતો.કેમ કે પુરુષો દીકરાઓને ધન,સંસ્કાર અને શિક્ષણનો વારસો આપેલો, પણ સ્ત્રી કે દીકરીઓ હંમેશા અવગણાયેલી જ છે.

'સ્ત્રીના ખોળિયામાં જકડાયેલ કવિહૃદયના તાપ-પરિતાપને કોણ સમજી શક્યું છે?' ૧)

http://vidyajournal.org

બીજા પ્રકરણમાં મેરી બીજા દિવસે પોતાના લંડન સ્થિત ઘરે ટેબલ સામે બેસી કંઈક બોલવું હશે તો બ્રિટિશ મ્યુઝિયમની લાઇબ્રેરીમાં જવું પડશે એમ વિચારી તે ત્યાં જાય છે. સવારથી સાંજસુધી લાઇબ્રેરીમાં અસંખ્ય પુસ્તકો વાંચે છે અને વિચારે છે કે 'સ્ત્રીઓએ કેમ પુરુષો પર પુસ્તકો નથી લખ્યા'?

ત્રીજા પ્રકરણમાં મેરી 'સ્ત્રી અને તેના લેખન' વિષય પ્રત્યે ગંભીર વિચાર કરી સ્ત્રીએ લખવું હોય તો પોતાનો અલાયદો ઓરડો અને આગવી મૂડી હોવી જોઈએ એ વાત પર ભાર મૂકે છે.પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રી હોઇ,અન્યાયોથી ભાગી છૂટવાં અને પોતાના સાહિત્યક મનોરથો પૂરા કરવા બંડ પોકારી ભાગેલી અને છેવટે છેતરાયને સગર્ભા બની આત્મહત્યા કરનાર શેક્સપિયરની કલ્પિત બહેન જુયુડીથની વાત કરે છે.આખો દિવસ ખોજમાં વિતાવ્યા બાદ રાત્રે મેરી ઈતિહાસમાં સ્ત્રી ક્યાં છે? તે જાણવા ઇતિહાસના પાના ફેરવે છે.જેમાં પુરુષોએ કાવ્ય કે ગીત લખ્યા પણ સ્ત્રીએ નહીં? તેનો ઉત્તર શોધતાં જાણે છે કે સાહિત્યની સાથે સાથે રોટી,કપડાં અને મકાન જેવી નક્કર વસ્તુઓ પણ જોડાયેલી છે.

મેરી કાર્માઈકલ રચિત કલ્પિત નવલકથા 'લાઇફસ ઍડવેન્ચર' નવલકથા. જેમાં મેરીને ખુબ રસ પડે છે. બે યુવા વૈજ્ઞાનિકો જે સજાતીય સંબંધ ધરાવે છે.જેમાંની એક પરિણીત અને બે બાળકો ધરાવનાર છે તો ય કલોએનને ઓલિવિયા ગમતી હતી. આ લેખિકાને બીજા સો વર્ષ આપો, વર્ષે પાંચસો પાઉન્ડ આપો અને પછી જુઓ તો કેવું લખે છે તેવું મેરી વિચારે છે.

'સાહિત્ય કોઈની બાપીકી મિલકત નથી' ૨)

'દરવાજા બહાર પુરાવું એ દુઃખદ છે તો એનાથી વધુ દુઃખદ દરવાજાની અંદર પુરાવું છે.' ૩)

શું મનુષ્ય શરીરની જેમ મનુષ્ય જગતને પણ બે સેક્સમાં વહેંચી શકાય? સર્જન માટે લેખકનું 'મૅન- વુમનલી' (સ્ત્રીગુણ યુકત પુરૂષ) કે 'વુમન- મૅનલી' (પુરૂષગુણ યુકત સ્ત્રી) હોવું અત્યંત આવશ્યક છે.સર્જકે સર્જન કરતા પેહલાં મસ્તિષ્કમાં સ્ત્રી-પુરુષ પક્ષોનું એકરાર થઈને લખવું આવશ્યક છે.ટોરીલ મોઈ, મેરી ઇગલટન, એલન શોવાલ્ટર, કેરોલિન હેલબન, ટેનિસન કવિ, કોલેરિજનો 'એન્ડ્રોજીની સિદ્ધાંત',ગાયનોસેન્ટ્રીક (ગર્ભાધિન) વિવેચન સિદ્ધાંત તથા બાયોફેમિનિઝમ, ઉભયલિંગી સંજ્ઞા વગેરે જેવા અગત્યના મુદ્દાઓની, વિવિધ નારીવાદી વિવેચકો,સર્જકો વગેરેની વૂલ્ફે આ પુસ્તકમાં વાત કરી છે.

ટેનિસન કવિ : 'લાગણીના ફૂલમાંથી આસું ટપક્યું
મોંઘું આંસુ ટપક્યું'

ક્રીસ્ટીના : 'હૈયુ મારુ ગાતું પંખી
પાણીમાં બાંધે માળો'

લેડી વીન્ચીલ્સીઆનો તેમની કવિતામાં પોતાનો બળાપો નીકળતા શબ્દોમાં કહે છે:

ખોટા કાયદાઓને કારણે
કેવું તો થયું છે અમારું પતન? ૪)
સમજો ને પૂર્વયોજિત!
ગમતીલી કલ્પના કરે
અને દબાયેલ ઈચ્છાઓને વ્યક્ત કરે
તો ચોતરફ મચી જાય હાહાકાર
વાંચવું ,લખવું ,વિચારવું ,જિજ્ઞાસા રાખવી
અમારા સૌંદર્ય પર કાળી છાયા પાથરે
ઘર ચલાવવાની કંટાળાજનક આવડતને
અમારી કલા અને કસબ લેખવામાં આવે છે! ૫)

'સ્ત્રીઓને પોતાનો કહી શકાય તેવો કલાક પણ મળતો હોતો નથી'- ફ્લોરેન્સ નાઇટિંગેલ ૬)

http://vidyajournal.org

## જાણીતાં પુરુષોના સ્ત્રીઓ વિશેના વિચાર

❖ નેપોલિયન - સ્ત્રીઓ કેળવણી માટે અયોગ્ય છે

❖ પોપ - મહદંશે સ્ત્રીઓ ચારિત્રવાન હોતી નથી.

❖ ગેટે - તે સન્માનીય નથી.

❖ ડૉ.જોનશન – 'પુરુષને ખબર છે કે સ્ત્રી તેનાથી વધુ યોગ્ય છે.અને તેથી તે પોતાનાથી ઊતરતી,નબળી,અભણ સ્ત્રી જ પસંદ કરે છે.જો પુરુષો આમ ન વિચારત હોત તો તેઓ સ્ત્રી પોતાનાં જેટલી જ ભણેગણે તે બાબતમાં અસુરક્ષિત ન બનત....'

❖ અફેરા બહેન જેના પતિ મૃત્યુ પામતા ક્લમના જોરે કમાતા થયા હતા તેવાં વાસ્તવિક સર્જકોને પ્રોત્સાહન પૂરું પાડે તેવા કેટલાય ઉદાહરણો આ પુસ્તકમાં મળી આવે છે.

## નિષ્કર્ષ

નારીઓ પિતૃપ્રધાન સમાજમાં સતત અવગણના પામે છે. એનું એક મુખ્ય કારણ એ છે કે તેઓ હમેશાં પરિવાર કે સમાજને પ્રધાન્યતા આપીને પોતાની જાતને સમજાવી લેતી હોય છે. પરંતુ વિલક્ષણ બુદ્ધિ ક્ષમતા ધરાવનાર લેખિકાઓને સમાજ વડે અવગણવામાં આવે ત્યારે તેઓ પોતાનાં જોરે રસ્તો કાઢીને વધુ સારી તકો પોતાનાં અને અન્ય નવોદિતો માટે ઊભી કરી લેતી હોય છે.દીકરીઓને પણ જો ધન,સંસ્કાર અને શિક્ષણનો વારસો દીકરાની જેમ જ આપોઆપ મળે તો તેઓ એક વધુ બેહતર સમાજનાં નિર્માણમાં પોતાનું યોગદાન વધુ સારી રીતે આપી શકે તેમ હોય છે.

## પુસ્તક વિશેષચર્ચા

➢ આ વ્યાખ્યાનોમાં છદ્મવેશની ટેકનિક પ્રયોજી છે. આ પુસ્તકમાં કેમુફ્લાઝ ટેકનિકનો આબાદ નમુનો છે.જેના દ્વારા લેખિકા કોઈપણ વાતની ધજા ઉઠાવીને પોતાના વિચારો સ્પષ્ટ કરી જાય છે.

➢ 'સ્ટ્રીમ ઑફ કોન્શિયસનેસ' શૈલીનો પ્રયોગ કરેલો હોઇ લેખિકાની સર્જનાત્મક વિવેચન શક્તિનો ખ્યાલ આવે છે. મૂળે તો વર્જીનિયાના બે વ્યાખ્યાનો આ સંગ્રહ છે,જે તેમણે ન્યૂનહામ કોલેજમાં આપેલા હતા.

➢ નારીવાદી વિચારોનું બીજ સૌપ્રથમ આ પુસ્તકમાં થયું છે.અને તેથી જ તેમને તમામ નારીવાદો દ્વારા 'ગ્રાન્ડમધર ઓફ ફેમિનીઝમ'એવી પદવી વડે નવાજવામાં આવ્યા છે.

➢ શ્રી વિષ્ણુ પંડ્યા,પ્રો.રવિન્દ્ર ઠાકોર,ડો.શરીફા વીજળીવાળા,શ્રી રાધેશ્યામ શર્મા, શ્રીમતી મંજુ ઝવેરી,પ્રો.વી.જે ત્રિવેદી વગેરે એ આ પુસ્તક વિશે સુંદર અભિપ્રાયો આપ્યા છે.

## સંદર્ભગ્રંથ

1. 'પોત્તાનો ઓરડો', હરીશ રંજના, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, બીજી આવુતિ,૨૦૧૯, એજન, પાન નં - ૭
2. 'પોત્તાનો ઓરડો', હરીશ રંજના, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, બીજી આવુતિ,૨૦૧૯, એજન, પાન નં - ૨૭
3. 'પોત્તાનો ઓરડો', હરીશ રંજના, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, બીજી આવુતિ,૨૦૧૯, એજન, પાન નં -૪૨
4. 'પોત્તાનો ઓરડો', હરીશ રંજના, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, બીજી આવુતિ,૨૦૧૯, એજન, પાન નં - ૬૪
5. 'પોત્તાનો ઓરડો', હરીશ રંજના, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, બીજી આવુતિ,૨૦૧૯, એજન, પાન નં - ૬૫
6. 'પોત્તાનો ઓરડો', હરીશ રંજના, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, બીજી આવુતિ,૨૦૧૯, એજન, પાન નં - ૬૯

http://vidyajournal.org